

અબોલ પશુઓની વેદના - વરસાદ ખેંચાતા ખેડૂતો તો ચિંતામાં છે જ... પરંતુ અબોલ પશુઓ ઘેરી સમસ્યા અનુભવે છે... ચારેય બાજુ ઘાસચારાની શોધમાં સવારથી સાંજ આમતેમ ફરે છે... ચારેય તરફ વરસાદના અભાવે ઘાસચારાનો અભાવ છે... પીવાના પાણીની સમસ્ય પશુઓને સતાવે છે... હજુ પણ જો વરસાદ ખેંચાશે તો અબોલ પશુ-પંખીઓ માટે સમસ્યા વિકરાળ બનશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# પ્રોપર્ટી ટેક્ષની ઓન લાઈન ચુકવણી માટે મનપામાં વિચારણા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકામાં હવે પ્રોપર્ટી ટેક્ષની ભરપાઈ ઓન લાઈન થાય તે દિશામાં તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

આ કવાયત હજુ પ્રાથમિક તબક્કામાં હોવાનું મનપાના સૂત્રોએ જણાવ્યુ છે. કર્મચારીગણની ઓછી સંખ્યા અને વસુલાતને વધુ અસરકારક બનાવવાની વ્યુહરચનાને ધ્યાને રાખી તંત્રએ આ વિકલ્પ પર વિચારણા હાથ ધરી છે.

જો કે કોર્પોરેશનના સૂત્રો એવુ પણ જણાવી રહ્યા છે એડવાન્સ ટેક્સ પર રિબેટની સ્કીપને સારો પ્રતિસાદ સાંપડ્યા પછી હવે આ વેરાની વસુલાત માટે કોર્પોરેશન ઈ-ગર્વનન્સ પર ધ્યાન કેન્દ્રીત કરવા માગે છે અને એટલે જ તેના ભાગરૂપે આ વિચારણા હાથ ધરાઈ છે.

ગાંધીનગર શહેરમાં ૫૫ હજાર જેટલી નાની-મોટી મિલ્કતો છે. આ મિલ્કતોના વેરાની વસુલાત અસરકારક અને ઝડપી બને તે પણ સત્તાવાળાઓના એજન્ડામાં છે. આથી આ દિશામાં ગંભીરતાથી અને સક્રિયતાથી વિચારણા ચાલી રહી છે.

જો કે ગાંધીનગર કોર્પોરેશને ઈ. ગર્વનન્સ પ્રોજેક્ટ અંતર્ગત પ્રજાની ફરિયાદો સ્વીકારવાનો પ્રારંભ કર્યો હતો. હમણાં મેલેરિયા જેવા વાહક જન્ય રોગચાળાની ફરિયાદો પણ ઓનલાઈન લેવાનો નિર્ણય કર્યો છે. બીજા તબક્કામાં પ્રોપર્ટીટેક્ષની વસુલાતને ઓનલાઈન કરવાની કવાયત ચાલી રહી છે.

## ખૂણે... ...ખાંચરેથી

- જાણીતા સાહિત્યકાર ગુણવંત શાહ "માનવ સ્વભાવનું મહાકાવ્ય - મહાભારત" વિષય પર કલ્ચરલ ફોરમની વ્યાખ્યાનમાળા અર્કમાં ૧૩મી જુલાઈએ પ્રવચન આપશે.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લામાં ખેતીવાડીની સ્થિતિને લઈ ખાસ સમીક્ષા બેઠક યોજી હતી.
- ઉચ્ચ સનદી અધિકારીઓની બદલી થવાની અફવાએ આજે ભારે જોર પકડ્યું હતુ.
- ગાંધીનગર જિલ્લામાં અનુ. જાતિના ૪૩ છાત્રાલયો કાર્યરત છે.
- ગાંધીનગર રોટરી કલબનો શપથવિધિ સમારોહ ૬ઠ્ઠી તારીખે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહની ઉપસ્થિતિમાં યોજાશે.
- શનિવારે સાંજે કલ્ચરલ સ્કૂલ ઓફ ડાન્સ અને એક્ટીંગના વર્ગો જાણીતા ગુજરાતી કલાકારોની નિશ્રામાં આરંભાશે.
- સિનિયર સીટીઝન કાઉન્સીલના પ્રમુખ અને સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ ભાનુભાઈ પુરાણીના અમૃત પર્વ નિમિત્તે ૨૦મીએ ગુજરાતી ભાષાના સર્જકો મોટી સંખ્યામાં ગાંધીનગર આવશે.

# નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનું ટેન્ડર અટવાયું

### સેક્ટર-૧૩માં વરસાદ પૂર્વે મકાનો તોડવાની કામગીરી પૂર્ણ કરવા ઉચ્ચકક્ષાએથી સુચના

ગાંધીનગર,તા.૩

સેક્ટર-૧૩ માં નિકાલ હેઠળના બધું ૧૩ બ્લોક તોડી પાડવા ટેન્ડર -ક્રિયા હાથ ધરવામાં આવી છે પરંતુ વિભાગ કક્ષાએથી લાંબા સમયના અંતે પણ ટેન્ડરને મંજૂરી ન અપાતા કામગીરી અટવાઈ પડી છે. સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો દાયકાઓના અંતે ભયજનક હાલતમાં છે. જયારે આ પૈકી ૧૯૦૪ મકાનો દાયકા પૂર્વે નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા.આ નિકાલ હેઠળના મકાનો તોડી પાડવા હવે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અન્વયે અત્યાર સુધી ૧૭ બ્લોક તોડવાનું કામ ચાલી રહ્યું છે. ચોમાસું શરુ થાય તે પહેલા આ કામ ઝડપભેર પૂર્ણ કરવા પણ સુચના આપવામાં આવી છે.

શહેરના વિવિધ સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો લાંબા સમયના અંતે ભયજનક સ્થિતિમાં છે. આવાસોના મજબૂતીકરણનું કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે નિકાલ હેઠળના મકાનો પણ જોખમી સ્થિતિમાં હોવાથી તંત્ર દ્વારા આ મકાનો તોડી પાડવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. વિભાગ કક્ષાએથી મંજૂરી અપાતા તબક્કાવાર ભયજનક મકાનો તોડવાનું કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. વર્ષ-૨૦૦૫ દરમિયાન શહેરમાં સેક્ટર-૧૩, ૭ અને સેક્ટર-૩૦ સહિતના વિસ્તારમાં અત્યંત ભયજનક સ્થિતિમાં માલુમ પડેલા ૧૯૦૪ જેટલા મકાનો નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ નિકાલ હેઠળના મકાનો સંદર્ભે લાંબા સમય સુધી કોઈ નીતિ નક્કી ન થતા હાલની સ્થિતિએ પણ સેક્ટરોમાં જોખમી આવાસો અસ્તિત્વ ધરાવે છે. થોડા સમય અગાઉ આ મામલે ઉચ્ચ કક્ષાએ -ઝન્ટેશન રજુ થતા નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયો હતો. જેના અંતે અગાઉ કેટલાક બ્લોક તોડી પાડવામાં આવ્યા હતા. જયારે સે-૧૩ માં પણ જ-૧ કક્ષાના આવા બ્લોક તોડી પાડવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્તને મંજૂરી અપાતા અગાઉ સે-૧૩માં જ-૧ કક્ષાના બ્લોક નં.૧૫૫ થી ૧૫૮, ૧૪૧ થી ૧૫૨ તેમજ બ્લોક નં.૧૩૮ ના યુનિટોને તોડવાનું કામ શરુ કરી દેવામાં આવ્યું હતું. જયારે આ કામગીરી વરસાદી દિવસો પૂર્વે પૂર્ણ કરી દેવા ઉચ્ચ કક્ષાએથી સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત સે-૧૩ માં જ કક્ષાના વધુ ૧૩ બ્લોક તોડવા પણ ટેન્ડર -ક્રિયા હાથ ધરવામાં આવી છે. પરંતુ ટેન્ડર મંજૂરીમાં વિલંબ થતા કામ અટવાયું છે.

# સ્વર્ણિમ પાર્કમાં વૉટર બોડી ફરતે બેઠક વ્યવસ્થા ઉભી કરાશે

### બે સ્લોપીંગ ગાર્ડન બનાવવાનું કામ પણ શરૂ : નવેમ્બર સુધીમાં ફેઝ-૩નું કામ પૂર્ણ કરી દેવાશે

ગાંધીનગર,તા.૩

શહેરના મધ્ય વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજનાનું કામ હાલ -ગતી હેઠળ છે. ગ-૪ થી ઘ-૪ ના બેલ્ટમાં -થમ તબક્કાની કામગીરી પૂર્ણ થયા બાદ હાલ ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં પુરજોશમાં કામગીરી હાથ ધરવામાં આવી છે. વોટર બોડીને અનુલક્ષી ડીઝાઈન તૈયાર થઈ જતા કામ શરુ કરી દેવાયું છે. આંબેડકરના સ્ટેચ્યુ સામે ૨૩૦૦ સ્કવેર મીટરમાં વોટર બોડીનું નિર્માણ કરાશે. જયારે વોટર બોડીની આઉટર બાઉન્ડ્રી ઉપર સહેલાણીઓ બેસી શકે તેવી વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની યોજનાનું કામ હાલ પુરજોશમાં ચાલી રહ્યું છે. નગરની આગવી ઓળખસમા સ્વર્ણિમ પાર્કને નિખારવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. -થમ તબક્કામાં ગ-૪ થી ઘ-૪ વચ્ચે ફૂટપાથ, રસ્તા, ગાર્ડનિંગ, વોક વે, લાઈટીંગ. પ્લાન્ટેશન સહિતના આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે. જયારે આ યોજના હેઠળ હાલ ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં ફેઝ-૩ અન્વયે કામ ચાલી રહ્યું છે. -થમિક તબક્કામાં આ વિસ્તારમાંથી આંબેડકર ઉદ્યાન તેમજ રસ્તાઓ તોડીને પાર્ક બનાવવા નિયત ડીઝાઈન મુજબ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ તબક્કે

● અનુસંધાન પાન-૭ પર



વિધાનસભા બંદોબસ્ત : વિધાનસભાનું સત્ર ચાલતુ હોય એટલે ગાંધીનગરમાં પોલીસ ખડેપગે હોય... વિધાનસભા સંકુલ પાસે તંબુચોકી ઉભી કરી ઘનિષ્ઠ બંદોબસ્ત ગોઠવાયો છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેક્ટર-૨૧ શાકમાર્કેટમાંથી ચાર વર્ષથી વૉન્ટેડ મોબાઈલ ચોર પકડાયો

### અડાલજ પોલીસ મથકના મોબાઈલ ચોરીના ગુનામાં વૉન્ટેડ હતો : ભૂતકાળમાં ઘરફોડ ચોરીમાં પણ પકડાયેલો છે

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર એલસીબી ટીમે બાતમીને આધારે સેક્ટર-૨૧ શાકમાર્કેટ માંથી છેલ્લા ચાર વર્ષથી વોન્ટેડ એક રીઢા મોબાઈલ ચોરને ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી અગાઉ પણ ઘરફોડ ચોરીના ગુનામાં પકડાઈ ચુકેલો છે અડાલજ પોલીસ સ્ટેશનના એક મોબાઈલ ચોરીના ગુનામાં વોન્ટેડ આ શખ્સ વોન્ટેડ હતો. એલ.સી.બી એ મોબાઈલ ચોરની ધરપકડ કરીને સઘન પૂછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઈ આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમે સઘન પેટ્રોલિંગ શરુ કર્યુ છે. ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે શહેરના સે-૨૧ શાકમાર્કેટમાં એક વોન્ટેડ મોબાઈલ ચોર ઉભો છે. ટીમ આખી બાતમીના સ્થળે પહોંચી ગઈ હતી અને અડાલજ વિસ્તારમાં રહેતા રવિ દલસુખ દંતાણીને ઝડપી લીધો હતો. ડી પૂછતાછ શરુ કરતા તેને ચારેક વર્ષ અગાઉ અડાલજ પોલીસ સ્ટેશનની હદમાં સ્થિત સુઘડ ગામમાં આવેલા પાર્શ્વનાથ ટાવરથી ઓનીડા કંપનીનો મોબાઈલ ચોરી કર્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે તેની ધરપકડ કરી તપાસ શરુ કરી છે. અગાઉ રવિ ઘરફોડ ચોરીના ગુનામાં પણ પકડાઈ ચુકેલો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

# સચિવાલય કર્મચારીઓ ૧૭મીથી આંદોલન કરશે

### કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આગામી ૧૭મી જુલાઈથી કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળના સભ્યોને તા. ૧૯-૬-૨૦૧૪ના રોજ આપેલા આવેદનમાં સામાન્ય વહીવટ વિભાગ અને નાણા વિભાગના નકારાત્મક વલણ સામે રાજ્યના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે વિનંતી કરવામાં આવેલ. જે અન્વયે સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રતિસાદ ન મળતાં આગામી તા. ૧૭-૭-૨૦૧૪, ગુરૂવારથી કાળી પટ્ટી ધારણ કરી પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી વિરોધ વ્યક્ત કરવામાં આવશે. વધુમાં તા. ૧૪-૭-૨૦૧૪ને સોમવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે જુના સચિવાલય કેન્ટીન ખાતે રાજ્યના તમામ સરકારી કર્મચારીઓના માન્ય મંડળોના પ્રતિનિધિઓની સંયુક્ત બેઠક રાખવામાં આવેલ છે. જેમાં હવે પછીના આગામી કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવનાર છે એમ ગુજરાત સચિવાલય ફેડરેશનના પ્રમુખ શ્રી ભવાનસિંહ પરમાર, મહામંત્રી શ્રી પ્રદિપસિંહ બિહોલા, ગુજરાત રાજ્ય સંકલન સમિતિના પ્રમુખશ્રી વિષ્ણુભાઈ પટેલ, મહામંત્રી શ્રી અબ્દુલભાઈ ચૌહાણ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી ચંદુભાઈ જોષી, ગુજરાત રાજ્ય વર્ગ-૪ એસોસીએશનના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ સોલંકી વગેરેએ જણાવેલ છે.

GPSC (1/2) CSAT/GS
Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR
351 કુલ જગ્યાઓ
પરીક્ષા તારીખ 12.10.2014
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
પ્રિલિમ પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE... FREE...

ગાંધીનગર શાખા માટે

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 04.07.2014 | સવારના 10-30 થી 12-30 | સોમ થી શુક્ર |
| 02.07.2014 | સાંજના 6-30 થી 8-30 | સોમ થી શુક્ર |
| 06.07.2014 | સવારના 8-45 થી બપોરના 3.00 | રવિવાર |
| 12.07.2014 | સાંજના 6-30 થી 10-30 | શનિ / રવિ |
| મહેસાણા શાખા માટે | | |
| 04.07.2014 | સવારના 8-15 થી 10-15 | રવિ થી ગુરૂ |
| 13.07.2014 | સાંજના 6-00 થી 9-30 | શનિ / રવિ |

TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)
પેથાપુર શાખા 10.07.2014 (ગુરૂવાર) થી શરૂ થશે ઓફીસ નં. 229, 230, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન
સિવિલ એન્જીનીયરીંગના કામો
ટેન્ડર નોટીસ નં. 13, 2014-2015 તા. 30-06-2014
[illegible]
www.wr.indianrailways.gov.in
[illegible]

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૬-૭-૧૪, શનિવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. ગર્વમેન્ટ પ્રેસ
ઓવર હેડ હાઈલ

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

જાહેર આમંત્રણ
હરિદ્વારની પાવન ધરતી અને ગંગા મૈયાના કિનારે પિતૃ મોક્ષાર્થે સંગીતમય
શ્રીમદ ભાગવત કથા
પ.પૂ. શ્રી કન્હૈયાલાલજી મહારાજ (ગાંધીનગર)



કથા સમય : સવારે ૮-૩૦ થી ૧૨-૦૦
કથા સ્થળ : હરિગીરી આશ્રમ કનખલ હરિદ્વાર
કથા પ્રારંભ : તા. ૩/૯/૨૦૧૪, બુધવાર
કથા વિરામ : તા. ૯/૯/૨૦૧૪, મંગળવાર
યાત્રા પ્રારંભ : તા. ૨/૯/૨૦૧૪, મંગળવાર
યાત્રા પુર્ણાહુતિ : તા. ૧૦/૯/૨૦૧૪, બુધવાર
આ યાત્રામાં જોડાનાર વ્યક્તિએ ખર્ચ પેટે રૂ. ૩૫૦૧/- તા. ૩૦/૭/૨૦૧૪ સુધીમાં શ્રી કન્હૈયાલાલજી મહારાજને જમા કરાવવાના રહેશે. પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે.
સંપર્ક : શ્રી કન્હૈયાલાલજી મહારાજ
મો. : ૯૪૨૮૨ ૧૭૫૫૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com